दीवाळी दु:खदर्शक फारसनां रशीक गायनो.

વાંકાનેર આર્યહિતવર્ધક નાટક કંપનીને માટે.

રચીને પ્રસીદ્ધ કરનાર,

રાવલ ત્રંબકલાલ દેવશંકર

તથા

ત્રવાડી ત્રંબકલાલ રામચંદ્ર.

વાંકાનેર આ. હિ. વ. ના. કં. ના મેનેજર.

આવૃત્તિ ૧ લી. નકલ ૧૦૦૦.



અમદાવાદ.

ધી કાંટે શેઠ મોતીલાલ અમરતલાલના ડેલામાં યુનીયન પ્રીન્ટીંગ પ્રેસમાં પેલાભાઈ નરસીદાસે છાપ્યાં.

સંવત ૧૯૪૪ સને ૧૮૮૭

કીમત એક આનો.

3300

दीवाळी दुःखदर्शक फारसनां

रशीद, गार नो. 3300

प्रवेश. १ लो.

દીવાલી—(તેની સખી રંભા પ્રત્યે) સૈયર દુખ શું દાખતું એ રાહ

સુણ મમ પ્યારી બેનતું, મુજ દીલ તણી વાત;
લગ્ન સમંધી વીચાર તો, કરે નહીં મુંજ તાત. ટેક.
યોગ્ય થઈ વય માહરી, વિદ્યા ભણી હું અપાર.
મુજ સમ પતી મલે હવે, તોતો ધન્ય અવતાર. સુણ૦
ચાલ ખરાબ આ નાતનો; વર શોધે કુલીન;
રૂપ કે ગુણ જુએ નહી, એવા મનના મલીન. સુણ૦
તેથી ડરૂં પ્રાણ પ્યારીરે, આવા ચાલથી હું તો;
નાખશે મુજને ખાડમાં, ધર ધ્યાનમાં તુંતો. સુણ૦
પ્રભુ પાસ પ્રાર્થનાથી માગું, મુજ સમ ભરથાર;
દીન દાસીની આ અરજ તો, ધરો ધ્યાન મોરાર. સુણ૦

રંભા—(દીવાલી પ્રત્યે)

સુરજ સાંમી પનીઆં ન જાઉં એ રાહ.

પ્યારી સખી ધીરજ ધર, આમ શીદ બણે તું નિરાશ. ટેક.
વીદ્યા રૂપીમણી છે પાસ તારી, તેથીરે દુઃખ પુંજ તણો થાશે નાશ. પ્યા૦
સુભ ગુણ તારા જોઈ પીતાજી, કરશે લગ્ન સમધી તપાસ. પ્યા૦
તુજ સમ પીયુ શોધવા કાજે, મેલશે વીપ્ર થા ન ઉદાસ. પ્યા૦
સત્ય વંદુ હું હે પ્રાણ પ્યારી, રાખ્ય હૈડે હરી વીશ્વાસ. પ્યા૦

પ્રવેશ ૯ મો.

દીવાલી—(સાસરે જતાં બધા ઓને)

રાગ સીતાજીના મહીનાનો.

મારી સજની અને વાલી માત, રડો નહીં આ સમે;
જોઈ વીલાપ આપનો અપાર, નહી મુજને ગમે.
ખરેખરો તમારો પ્યાર, જોઇ ગભરાઉંછું;
કરૂં શુ હું હવે કલપાંત , તજી સ્નેહ જાઉછું.
જેવો પ્યારછે વાલી માત, તેવો તમ રાખજો;
ધૈર્યતાથી અરે મારી માત, વીયોગ વિસારજો.
તમને જોઇ પામુછું ખેદ, બહુ બેન આજ હું;
પામું દુઃખ હુ પારાવાર, જોઈ અંગ તાતનું.
મારા વાલા પીતાજી અપાર, બળો નહી ઉરમાં;
જોઈ તમને આ છાતી ચીરાય, લાગે લાય દીલમાં.
મુને માનો જણો નથી વીર, કેવી હીણુ ભાગી હું;
તાતના થાશે કેવા હવાલ, યાદ થતાં હું રડું.

પ્રવેશ. ૧૦ મો.

દી૦—(સાસરે ગઈ ત્યાં સાસુ છાણાં થાપવાનું કહેછે ત્યારે)

રાગ બનજારાનો.

સુણો અરજ સાસુજી મારી, લ્યો ઉરમાં આપ ઉતારી; ટેક.
નથી કર્યું પીયરમાં કામ, તેથી અજાણી છું આ ઠામ;
તે જુઓ દીલ વીચારી, લ્યો ઉરમાં આપ ઉતારી. ૧
જેમ નણદી મુજને કેશે, તેવુ કરીશ હું હમેશે;
એ વિનતી લીયો સ્વીકારી, લ્યો ઉરમાં આપ ઉતારી. ૨

(દીવાળીએ કામ શીખડાવવા સંબંધી કેટલીક અરજ નમ્રતાથી સાસુ પાસે કરી પણ તે નહી સાંભળતા એક દમ છાણાં થાપવા મોકલી તેથી છાણા થાપતા રૂદન કરેછે. તેવામાં સખી તેની આવેછે ને પુછેછે)

બણજારા.

રંભા—શું સોચ કરં પ્રિયે પ્યારી, રહે ધીરજ ઉરમાં ધારી. ટેક.
જોઈ દુ:ખ તાહરૂં બાઈ, સત્વર આવી હું આઈ;
ખોલ અંતરની તું બારી, રહે ધીરજ ઉરમાં ધારી.
તુજ મુખ શીદ ગ્લાની પામ્યું, કહે દુ:ખશું બેનીજામ્યું;
તે કહે વાત પ્રીયે મારી, રહે ધીરજ ઉરમાં ધારી.
તુને મુરખ વરની સાથે, કોણે આપી ઝાલી હાથે;
બળું દીલમાં કૃત્ય વીચારી, રહે ધીરજ ઉરમાં ધારી,
તું વીદ્યાથી ભરપુર, કોણે કર્યું કાર્ય આક્રુર;
કોણે વાળ્યું વેર આ ભારી, રહે ધીરજ ઉરમાં ધારી.

દીવાળી—(સખીપ્રત્યે) **માઢ.**
મારી પ્રાણ પ્યારી બેનીરે, હું તો ડુબી દુ:ખની માય;
અવીનાશી મુજને આ વેળા, પ્યારી સહાય કાં ન થાય. ટેક.
સગાં સમંધી વેરી સર્વે, થયાં છે આવાર;
મુર્ખ પતી મારી માથે મુજને, નાખી દુખ મોઝારરે. હુંતો૦
વીધ્યા વીનગો આ સમે, થયાની સ્ફળ મારા આજ;
અંધા આગળ આરસી, તેવું બનીયુંછે પ્યારી કાજ. હુંતો૦
ગોરે લેશ વીચાર ન કીધો, ઉરમાં પ્યારી કાંઈ;
લાંચ લઈને લાકડે માંકડું, વળગાડી દીધું આંઈ. હુંતો૦
અણુસમજુ પતી મલ્યા, તેનાથી પ્યારી દીન ;

કેમ કરીને કાઢવા, રહી દુઃખને આધીનરે. હું તો૦
ધીઃકાર છે માબાપને, જેનાખી દુઃખમોઝાર;
કુલીનવર શોધીને પ્યારી, કર્યો સુનો સંસારરે. હું તો૦
આ સંસારે જન્મી મેંતો, સુખ નવ દીઠું કાંય;
પતી સંઘાતેં મધુરે વચને, રમી નહીં હાયરે. હું તો૦
દીન થઈ પ્રભુ આજ તુંને, વીનવું જોડી હાથ;
મ્રત્યુ દે મુને આઘડી, નામુ શીશ હું જગનાથરે. હું તો૦

પ્રવેશ ૧૧ મો.

સ્થળ ખાનગી મહેલ.

(તેના પતી બહારથી આવેછે તેને આનંદભેર સામા જઈ પ્રણામ કરવા જાયછે તેવામાં તેનો સ્વામી ગુસ્સો કરેછે તેથી)

દીવાળી— **શીખરણી.**

પધારો હે પ્યારા, પલક નવ ન્યારા રહો કહીં;
બતાવો પ્યારીને, વદન સુભ હસ્તું નીત અહીં,
ખરીછું હું દાશી, અતિજ હતિ પ્યાસી દરશની;
કરી છે આભારી, સુખ સમુહ આપી હરશની.
કશો અંદેશો હે, પ્રિયપતિ ન ધારો ઉરમહીં;
તમો જેવા સ્વામી, પુરણ સુખ પામી પ્રીય સહી,
અરે પ્યારા કાંઈ, શરમ નહિ ધારો દીલ અતી;
ખરીદારા જાણી, રદય મહિ ધારો પ્રીયપતી.
(એવું કહી પાસે પગ ચંપી કરવા બેસવા જાય છે તેવામાં તેને ધકો મારી ખશેડી મુકે છે ત્યારે)

સોરઠ.

નહીં વ્યાકુળ બણી ગભરાઓ, પીયુ આમશુ અળગા થાઓ; ટેક
ઘટે નહીં આમ આપને પ્યારા, દુર ખશી નહીં જાઓ. પીયુ૦
શુધ પવીત્ર હું પ્યારી તમારી,, પ્યારનહીં કેમ લાઓ પીયુ૦
ભયભારી નહીં રુજથી પામો, વીનોદ વાતો જણાઓ. પીયુ૦
પવીત્ર ધર્મ મારો કદી ચુકી નથી, શાને પ્યારા લલચાઓ.પીયુ૦

(તેનો પતી સુઈ જાયછે ત્યારે પોતાના પતીનું શરીર સંભારવા જાયછે તેવામાં તે જાગ્રત થઈ ખુબ લાતોનો પ્રહાર કરેછે તે વખત માર ઘણો વાગવાથી વીલાપ કરેછે.)

સોરઠ (તેતો ઘટમાં ઘર એરાહ)

શું કૃતી કરી કીરતાર, કરમની મુજ પરેરે, ટેક૦
પીયર મહી હું જાણુતીકેવા, નાથ હશે ગુણીયલના જેવા;
કરીશ તેની શેવા, ઈશગણી ખરેરે. શુકૃતી૦
સાસરીયામાં આવી જ્યારે, હર્ષપામી બહુ દીલમાં ત્યારે;
પણ લાતોના પ્રહારે, દીલ મારૂં કળેરે. શુકૃતી૦
કોમળ થઈ મુજને હે સ્વામી, દુખ દીધો શીદ અંતરજામી;
કહુંછું મુસ્તક નામી, દયા ધરો મુજ ઉપરેરે. શુંકૃતી૦

પ્રવેશ. ૧૨ મો.

દીવાળી.—(પોતાને પીયર જતાં વીકટ વંનમાં ભુલી પડી તેથી આમ તેમ રખડતી રૂદન કરે છે.

રાગ. ઓધવજી સંદેશો કેજો એરાહ.

હે ભવ ભંજન દુખની કંદન દીનની,
ધર ધ્યાને તું વીનતી મારી આજજો;

અતી દુઃખે હું યાદ કરૂં આવે સમે,
કાપો કષ્ટ કરી કૃપા મહારાજજો. ટેક.
જન્મ થકી મુજ માત પીતા વેરી થયાં,
જેણે નાખી દુઃખ દધી મોઝારજો;
કેવી થાશે પુત્રીની અંતે ગતી,
તે નહીં દીલમાં કાંઈ કર્યો વીચારજો. હે ભવ૦
તેથી આ હાલતમાં હું આવી પડી,
થાકી હારી રખડી વીકટ વંનજો;
ફરી ગીરીને ગુફાઓમાં અહીં તહીં,
હારી હીમત હવે હું માગે મંનજો. હે ભવ૦
સૌ મુજ દીલની વાતો રેશે દીલમાં,
તેથી જઈ પીયરમાં કહું વૃતાંતજો;
છરી ચપુ છુપાવી રાખું હાથમાં,
વાત કરીને કરૂં પછી મુજ ઘાતજો. હે ભવ૦

પ્રવેશ. ૧૩ મો.

સ્થળ—દીવાળીના બાપનું ઘર.

રંભા—(દીવાળીને પ્રવેશ કરી એક દમ ભેટી સ્થીતી બદલાઈ ગઈ જોઈ નીચે પ્રમાણે કહે છે.

રાગ જરાસુનો તો સહી એરાહ.

પ્રીયે પ્યારી અરે, આ શી દશા દેખું તારી;
શિ રિતે આવી અહીં, કહેને બેન ધૈર્ય ધારી. ટેક.
પામ્યું ગ્લાની પ્રીયે, સખી આજ તારૂં મુખ;
શીદ રૂદન તું, કરે છે-હદયે ધારી દુઃખ. પ્રીયે૦

દુભી સાસરા મહીં, તુંને કોણે પ્યારી;
સહુ કહી વૃતાંત્ત, શાંત કર દીલ ભારી. પ્રીયે૦

દીવાળી—(દીવાળી પોતે પોતાના માત પિતા તથા સખી વગેરે તમામની પાસે પોતાનું દુખ પારાવાર વીલાપ કરતાં તથા પોતાની જ્ઞાતીને ઘણા જોસાથી ધીટકારનું ગાયન ગાઈ સંભળાવે છે ને પછી છુપાવી રાખેલો કટાર પોતાના પેટમાં ઘોંચી પ્રભુને પ્રાણ અરપણ કરે છે તેમજ સૌને ભલામણ કરે છે કે હવેથી તમે તમારી દીકરીયોનાં લગ્ન પુરેપુરા વીવીચારથી રૂપ ગુણવાળો વીદ્વાનપતી શોધી કરજો જેથી ફરી આવો પરીણામ નીપજે નહી ને પછી છેવટ.

લાવણી.

માત તાત તમેં નહીં વીચાર્યું, લેશ સુખ કંઈ પુત્રી તણું;
અરી બણી ખાડે હડશેલી, દુઃખ પડયું મુજનેં તો ઘણું. ટેક.
ગુણ અવગુણની લેશ પરીક્ષા, કરી નહીં તમે દીલ કાંઈ;
મુર્ખ અને અણ સમજુ માર્યો, માથે પતી અતી દુઃખદાઈ.
સાસરીયામાં ગઈ હું જ્યારે, તે વારેં સાસુ નણદી;
મેણાં મારી કરે કંકાસો, તોપણ હું નહી બોલી કદી.
શીખામણ હું દઉં બહુ પણ, લેશ ધરે નહી દીલ મહીં;
ઉલટાં સામાં થઈ કહે આ ક્યાં, આવી હીણ ભાગી અહીં.
પાણી ભરવા જાઉ જ્યારે, સખીયો ભેગી હું માડી;
મુરખ વરની નારી કહીને, સહુકો બોલાવે દાડી.
હું કેવી વીદ્વાન અરેરે ઉંચ કુલ જોઈ કરી બે હાલ ;
ક્રોધ આવે મુજને હે માડી, જોઈ આપણી જ્ઞાતીનો ચાલ.
ઘણી પીડાતી જોઉં હું માડી, આપણી જ્ઞાતીની બાળા અપાર;

તે તણાં કોઈ દુઃખો દીલે, ધરી કરે નહીં શુભ વીચાર.
મરજો વેરી વીપ્ર અરેરે, પેલા ભવનો દુઃખ દેનાર;
મુર્ખ પતી શીર મારી ભરીયું, ત્રભાણું લઈ બેચાર હજાર.
આવાંને હે ઈશ કૃપાલુ, દુઃખ નહીં શીદ તું આપ અપાર;
અમ જેવી કોમળ બાળાને, કસાઈ બણીને કરે વેપાર.
દુઃખ દુઃખ જોઉં સર્વે ઠામે, કહીં મળે નહી સુખની દીશ;
કટાર ખાઈ મરૂં આ વારે, ખોળે લેજે હે જગ દીશ.
(એમ કહી કેટલુક ભાશણ કરી કટાર ઘણા જોસાથી પોતાના પેટમાં ઘોંચી મરણને સ્વાધીન થઈ નીચે પડેછે ને તમામ માણસો આવો મહા ભયંકર દેખાવ જોઈ બેહોશ થઈ જાયછે ને પારાવાર કલ્પાંત કરેછે).

રંભા— **રાગ સદર.**

જુઓ બનાવ આ સહુસદગૃહસ્થો, મમપ્રિયે પ્યારી તણો અપાર;
કુલીનવર જોયાથી નિપજ્યું, કેવું કૃત્ય આ કરો વિચાર. ૧
મુજ સહીયર કેવી આવારે, હતી વિદ્યા વિનયે ભરપુર,
મુરખ પતી મળવાથી, કાંઈ દુખની ખામી રહી ન ઉર. ૨
આપણી જ્ઞાતીનો ચાલ જોઈ હું, બળું અતીશય દીલમહી;
અમબાળાના કોઈ દુઃખો દિલે, ધરે અરે લેશ નહીં. ૩
તમારા ક્રુર વિચારે મારી પ્યારી સંખી, બણીહાલબેહાલ;
અંતે મરણ કર્યું આવારે, દેખી આપણી જ્ઞાતીનો ચાલ. ૪
માટે એનો પુત્રી તણા સહુ, દુઃખ વિદારવા સુભ કરો વિચાર;
તેથી દયાકરી જગપાલક, સુખ દઈ હરશે દુઃખ અપાર. ૫

સમાપ્ત.